





# અષાઢી ગુપ્ત નવરાત્રમાં મનોકામના પૂર્ણ કરો

**યંત્ર-મંત્ર-તંત્ર**
**યજ્ઞેશ ત્રિવેદી**

આ મહિનાની 15 તારીખથી અષાઢીય ગુપ્ત નવરાત્ર આરંભ થઈ રહ્યા છે. ચૈત્ર-આસો નવરાત્ર જેમ જ આ ગુપ્ત નવરાત્રિનું પણ વિશેષ મહત્ત્વ છે. ગુપ્ત સાધનાઓ તેમ જ મનોકામના પૂર્તિના પ્રયોગોની દૃષ્ટિએ આ પ્રકટ નવરાત્રથી પણ વધારે પ્રભાવશાળી માનવામાં આવે છે. અષાઢીય ગુપ્ત નવરાત્ર 15 જુલાઈથી 23 જુલાઈ સુધી રહેશે. આ સમયગાળામાં મનોકામના પૂર્તિ માટે કરવામાં આવતા કેટલાક પ્રયોગો અહીં પ્રસ્તુત છે.

**1 શીઘ્ર વિવાહ (છોકરી)**

જો લગ્ન થવામાં વિલંબ થતો હોય અને અડચણો આવી હોય તો નિમ્નલિખિત ઉપાય કરવા જોઈએ.

1. સંપૂર્ણ નવરાત્રમાં દરેક દિવસે માતા પાર્વતીજીને શ્રૃંગાર કરીને પૂજા-ઉપાસના કરવી.

2. નિમ્નલિખિત મંત્રની રોજ એક માળા કરવી.

ઓમ હ્નીં શ્રીં સૌં ગ્લૌં ગં ગૌરી ગીં સ્વાહા

3. પૂજન પૂર્વે તથા માળા જપ કર્યા પછી માતાજીને શીઘ્ર વિવાહ (લગ્ન) માટેની પ્રાર્થના કરવી.

4. નવરાત્રમાં એક સમય ભોજન કરવું અને ભૂમિ (જમીન) પર સૂઈ જવું.

**2. શીઘ્ર વિવાહ (છોકરી)**

શીઘ્ર પત્નીપ્રાપ્તિ માટે નિમ્નલિખિત ઉપાય કરવો જોઈએ.

1. નવરાત્રમાં ભગવાન ગણેશ તેમ જ મા પાર્વતીની દરેક દિવસે પૂજા-ઉપાસના કરવી અને તેમને શીઘ્ર વિવાહની પ્રાર્થના કરવી.

2. ગણેશજીનો નિમ્નલિખિત મંત્રની એક માળા રોજ જપવી.

ઓમ. હું ગં ગ્લૌં હરિદ્રા-ગણપતયે વર વરદ્ સર્વ જન હૃદયં સ્તંભય સ્તમ્ભય સ્વાહા

3. ઉપરોક્ત પ્રયોગ વિધિમાં હળદરથી શરીરમાં લેપ અથવા પાણીમાં થોડીક હળદર નાખીને સ્નાન કરવું જોઈએ.

4. નવરાત્રમાં એક સમયે ભોજન કરવું અને ભૂમિ પર સૂઈ જવું.

3. દામ્પત્યસુખમાં વૃદ્ધિ માટે

નવરાત્રમાં દરેક દિવસે 'ગૌરી-શંકર રુદ્રાક્ષ' ની લાલ ચંદન તેમ જ ધૂપ-દીપ વગેરેથી પૂજન કરવું અને અંતિમ (છેલ્લા) દિવસે રુદ્રાક્ષને ગળામાં પૂર્વ દિશા તરફ મોઢું રાખીને ધારણ કરવો.



**શ્રદ્ધા અને વિશ્વાસથી ઉપરોક્ત સરળ પ્રયોગો ઉપાયો કરવાથી જાતે જ સો ટકા પરિણામ મેળવી શકો છો. અષાઢી નવરાત્રિ જેવા પવિત્ર અને સિદ્ધ દિવસોનો તમે લાભ લઈને તકલીફમાંથી છુટકારો મેળવવો જોઈએ.**

**રોજગારપ્રાપ્તિ**

આ પ્રયોગ નવરાત્રના પ્રથમ દિવસથી જ આરંભ કરવો જોઈએ. ભગવાન- ગણેશની પૂજા-ઉપાસના કર્યા બાદ નિમ્નલિખિત 16 મંત્રોથી દુર્વા ચઢાવવી.

1. ઓમ બાલ વિઘ્નેશ્વરાય નમઃ 2. ઓમ વીરવિઘ્નકાય નમઃ3. ઓમ ભક્ત વિઘ્નેશ્વરાયનમઃ 4. ઓમ વીર વિઘ્નકાય નમઃ 5. ઓમ શક્તિ વિઘ્નેશ્વરાય નમઃ 6. ઓમ દ્વિજગણાધિપાય નમઃ 7. ઓમ સિદ્ધિઋદ્ધિશ્વરાય નમઃ 8. ઓમ ઉચ્છિષ્ટાય નમઃ 9. ઓમ વિઘ્નરાજાય નમઃ 10. ઓમ ક્ષિપ્રનાયકાય નમઃ 11. ઓમ હેરમ્બાય નમઃ 12. ઓમ લક્ષ્મીનાયકાય નમઃ 13. ઓમ મહાવિઘ્નાય નમઃ 14. ઓમ વિજયાય નમઃ 15. ઓમ નૃતાય નમઃ 16. ઓમ ઉર્ધ્વનાયકાય નમઃ

દુર્વા ચઢાવ્યા બાદ નિમ્નલિખિત મંત્રની એક માળા જપ કરવી જોઈએ.

**15 જુલાઈથી 23 જુલાઈ 2026 સુધીના સિદ્ધ નવ દિવસમાં જાતે જ પ્રયોગ શરૂ કરીને પરિણામ મેળવો**

ઓમ શ્રીં ગં સૌમ્યાય ગણપતયે વર-વરદ સર્વજનં મે વશમાનય સ્વાહા

મંત્ર જપ કર્યા પછી ભગવાન ગણેશજી પાસે 'રોજગારપ્રાપ્તિ માટે' પ્રાર્થના કરવી. આ પ્રયોગ જ્યાં સુધી તમારી મનોકામના પૂર્ણ ના થાય ત્યાં સુધી કરવો.

**પદોન્નતિ- પ્રમોશન**

જો તમે નિયમો અનુસાર પદોન્નતિની યોગ્યતા રાખતા હો અને પ્રમોશન માટે આવશ્યક પદ ખાલી છે. તો રોજગાર પ્રાપ્તિ માટે જે પ્રયોગ આપ્યો છે તે કરવો જોઈએ તથા અંતમાં મંત્રજાપ પછી પ્રમોશન માટે ભગવાન ગણેશજીને પ્રાર્થના કરવી જોઈએ. આ પ્રયોગ પણ તમારી પદોન્નતિ કે પ્રમોશન ના થાય ત્યાં સુધી કરતા રહેવું જોઈએ.

**આવકમાં વધારો**

1. લાલ કપડામાં સરખી માત્રામાં નિમ્નલિખિત સાત વસ્તુઓ નવરાત્રના પ્રથમ દિવસે બાંધીને જે રૂમમાં તમારું મંદિર હોય તેના દરવાજાની નજીક લટકાવવું જોઈએ.

(1) આખા ચોખા (2) આખા મગ (3) ઘઉં (4) મમરા (5) સરસવ (6) કાળા તલ (7) જવ.

2. નવરાત્રથી આરંભ કરીને દરરોજ નિમ્નલિખિત 'ગ્રહ પંચાંગ કવચ'નો સવારે પાઠ કરવો જોઈએ.

ઓમ શિરો મે પાતુ માર્તંડઃ કપાલં રોહિણપતિઃ
મુખમંગારકઃ પાતુ કંઠ ચ શશિનન્દનઃ
બુદ્ધિં જીવઃ સદા પાતુ હૃદયં ભૃગુનન્દનઃ
જઠરં ચ શનિઃ પાતુ જિહ્વામ્ મે દિતિનન્દનઃ
પાદૌ કેતુઃ સદા પાતુ વારાઃ સર્વાંગમેવ ચ
તિથયોડષ્ટૌ દિશઃ પાતુ નક્ષત્રાણિ વપુઃ સદા
અંસૌ રાશિઃ સદા પાતુ યોગાદિઃ સ્થૈર્યમેવચ

3. ત્યાર બાદ નિમ્નલિખિત મંત્રની ઓછામાં ઓછી એક માળા સવારે તેમ જ સાંજે કરવી.

ઐં શ્રીં હ્નીં કલીં

મંત્રજપ આરંભ કરતાં પહેલાં લક્ષ્મીજીનું વિધિવત્ પૂજન કરવું જોઈએ.

-આપ્રયોગનવરાત્રથીઆરંભકરીનેરોજકરવોજોઈએ.

**વ્યવસાયમાં વૃદ્ધિ**

વ્યવસાયમાં વૃદ્ધિ માટે વર્ષના ચાર નવરાત્રોમાં દુર્ગા સપ્તશતી (ચંડી) પાઠના 27-27 પાઠ કરવા જોઈએ. આ પ્રકારે ફક્ત 108 પાઠ થઈ જાય છે! આ પ્રકારે ફક્ત વ્યવસાયમાં જ વૃદ્ધિ થતી નથી. પરંતુ અન્ય બધા પ્રકારની સમસ્યાઓ દૂર થાય છે.

**કોર્ટ કેસમાં વિજય**

કેસ વગેરેમાં વિજય માટે નવરાત્રના પ્રથમ દિવસથી જ મા બગલામુખીના નિમ્નલિખિત મંત્રના જપનો આરંભ કરવો જોઈએ અને તે કેસ જ્યાં સુધી રહે ત્યાં સુધી કરતા રહેવું. દરેક દિવસે ઓછામાં ઓછી એક માળા જપ કરવી જોઈએ.

ઓમ હલીં બગલામુખિ સર્વ દુષ્ટાનામ વાચમ્ મુખમ્ પદમ્ સ્તમ્ભય જિહ્વામ કીલય કીલય બુદ્ધિમ્ નાશય હલીં ઓમ સ્વાહા

**સંતાનપ્રાપ્તિ**

નવરાત્રના પ્રથમ દિવસથી પ્રારંભ કરીને નિમ્નલિખિત મંત્રની 11 માળા દરરોજ જપ કરવાઃ

ઓમ દેવકીસુત ગોવિન્દમ્ વાસુદેવ જગત્પતે
દેહિ મે તનયં કૃષ્ણ ત્વામહં શરણં ગતઃ

---

## જગન્નાથ પુરી - એક સર્વોચ્ચ 'મોક્ષ સ્થળ':
# પૂર્વજોના આત્માને શાંતિ, મુક્તિ અને વૈકુંઠ મળે છે

**જડીબુટ્ટી**
**નજુમી**

હિંદુ ધર્મમાં જગન્નાથ પુરી (ઓડિશા) ને વૈકુંઠ જેટલી માનવામાં આવે છે, એટલા માટે અહીં પોતાનાં પૂર્વજોનું શ્રાદ્ધ, પિંડદાન કે તર્પણ કરવાથી તેમને સીધું મોક્ષ અને સદ્ગતિની પ્રાપ્તિ થાય છે.

પુરીમાં પિતૃ મોક્ષ માટે કરવામાં આવતાં મુખ્ય અનુષ્ઠાનો અને સ્થાનોની જાણકારી નીચે આપવામાં આવી છે.

**જગન્નાથ મંદિરમાં બાઇસી પહાચા (૨૨ પગથિયાં)**

મહત્ત્વઃ જગન્નાથ મંદિરના મુખ્ય દ્વાર (સિંહ દ્વાર) થી અંદર જતાં ૨૨ પગથિયાંને 'બાઈસી પહાચા' કહેવામાં આવે છે.

પિતૃશીલા (સાતમું પગથિયું): આ પગથિયાંઓમાં સાતમી સીડી પર 'પિતૃશીલા' કે 'પ્રેતશીલા' નામનો એક નાનો ખરબચડો પથ્થર છે.

અનુષ્ઠાનઃ એવું માનવામાં આવે છે કે, આ સીડી પર મહાપ્રસાદ ચઢાવવાથી અને પૂર્વજોનું સ્મરણ કરવાથી તેમના આત્માને ભવસાગરમાંથી મુક્તિ મળી જાય છે.

**પુરીના સમુદ્ર તટ પર પિંડદાન અને તર્પણ**

મહત્ત્વઃ પુરી સમુદ્ર તટે (Mahodadhi) ની સોનેરી રેત પર તર્પણ કરવું બહુ જ શક્તિશાળી માનવામાં આવે છે.

અનુષ્ઠાનઃ દક્ષિણ તરફ મોઢું રાખીને સમુદ્રના પવિત્ર જલ અને કાળા તલથી તર્પણ કરવામાં આવે છે. ચોખાના પિંડને સમુદ્રની લહેરોમાં પ્રવાહિત કરવાથી પૂર્વજોને મોક્ષનો માર્ગ પ્રાપ્ત થાય છે.

પિતૃ મોક્ષનું મહત્ત્વ (ગરુડ પુરાણ)

ધાર્મિક ગ્રંથો જેમ કે ગરુડ પુરાણ અનુસાર ભગવાન જગન્નાથ સ્વયં 'પુરુષોત્તમ' છે. તેમની ઉપસ્થિતિમાં કરવામાં આવેલાં કર્મકાંડથી પિતૃદોષનું નિવારણ થાય છે અને પિતૃઓની પેઢીઓને શાંતિ મળે છે.

**અનુષ્ઠાન માટે સમજ**

જો તમે વ્યક્તિગત રીતે પુરી જવાની યોજના બનાવી રહ્યા હો, તો તમે સ્થાનિક પૂજારીઓ કે અધિકૃત પૂજા સેવાઓના માધ્યમથી તિથિઓ અને પૂજાનો સમય નક્કી કરી શકો છો. તેને ક્યારેય પણ શુભ દિવસ કે ખાસ કરીને પિતૃ પક્ષ (શ્રાદ્ધ પક્ષ) માં કરવું સૌથી ઉત્તમ માનવામાં આવે છે.

વૈકુંઠની જેમ જ મોક્ષદાયિની અને પવિત્ર ભૂમિ જગન્નાથ પુરી માનવામાં આવે છે. અહીં પિતૃઓનું શ્રાદ્ધ, તર્પણ અને પિંડદાન કરવાથી પૂર્વજોને જન્મ-મરણનાં બંધનમાંથી મુક્તિ તેમ જ વૈકુંઠ ધામ મળે છે.

પુરીના સમુદ્ર તટ (સ્વર્ગ દ્વાર) પર પિતૃઓ નિમિત્તે કાળા તલ અને જવથી તર્પણ કરવું ઘણું જ પ્રભાવશાળી માનવામાં આવે છે. અહીં તર્પણ કરવાથી પૂર્વજો સીધા નારાયણ (ભગવાન વિષ્ણુ) નાં ચરણોમાં વિલીન થઈ જાય છે. બડા બાદિયા ડાકઃ દિવાળીના દિવસે પુરી મંદિરમાં એક વિશેષ અનુષ્ઠાન હોય છે; જેને 'બડાબાદિયા ડાક' કહે છે. તેમાં લોકો પોતાના દિવંગત પૂર્વજોની આત્માની શાંતિ માટે સીડીઓ પર દીવા પ્રગટાવે છે.

**પુરીમાં પિંડદાન કેમ સારું માનવામાં આવે છે!**

પુરીનું ધાર્મિક મહત્ત્વ ફક્ત જગન્નાથ મંદિર સુધી જ સીમિત નથી; પરંતુ તેનો સંબંધ 'પવિત્ર ભાર્ગવી નદી' જોડે પણ છે. આ નદીને ઘણી પવિત્ર માનવામાં આવે છે. ભાર્ગવી નદી- જો કે મહાનદીની એક સહાયક નદી છે. પુરીની પાસે વહે છે. નદી અને સમુદ્રનું સંગમ સ્થાન ધાર્મિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આ સ્થાન પર પિંડદાન કરવાથી પિતૃઓને શાંતિ અને મોક્ષ મળે છે... જેનાથી તેઓ જન્મ-મૃત્યુના ચક્રમાંથી મુક્ત થઈ જાય છે!

આ જ કારણે પિતૃપક્ષ દરમિયાન દૂર-દૂરથી લોકો અહીં પોતાના પિતૃઓનું શ્રાદ્ધ કરવા માટે આવે છે.

પુરીમાં પિંડદાન કરવાનું મહત્ત્વ એટલે પણ વધી ગયું છે, કારણ કે આ હિંદુ ધર્મનાં ચાર ધામોમાંથી એક છે. જે વ્યક્તિ પોતાનાં જીવનમાં ઓછામાં ઓછું એક વાર આ ચાર ધામોની યાત્રા કરે છે, તેને બધાં પાપોમાંથી મુક્તિ મળી જાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.





**અહીંના પવિત્ર સમુદ્ર તટ પર તર્પણ અને પિંડદાન કરવાથી તથા મંદિર પરિસરમાં મહાપ્રસાદ અર્પણ કરવાથી પિતૃઓને મુક્તિ અને વૈકુંઠની પ્રાપ્તિ થાય છે**

**પિંડદાન ખરેખર શું હોય છે? તેમાં એટલું ખાસ શું કેમ હોય છે?**

પિંડદાન - કોઈ સાધારણ અનુષ્ઠાન નથી, પરંતુ તે આત્માને જીવન તેમ જ પુનર્જન્મનાં ચક્રમાંથી મુક્તિ અપાવવાની એક પદ્ધતિ છે. તેને 'મુક્તિ' પણ કહેવાય છે.

આ વિધિમાં ચોખા, જવનો લોટ, કાચું દૂધ, તલ અને મધથી બનેલા ગોળ પિંડ અર્પણ કરવામાં આવે છે. તેમાંથી એક પિંડ સીધા દિવંગત આત્મા માટે હોય છે. જ્યારે બાકી પિંડ પૂર્વજોને સમર્પિત હોય છે. આ વિધિવિધાન બ્રાહ્મણો-પંડિતો દ્વારા પવિત્ર સ્થાનો પર કરવામાં આવે છે. પિંડદાનના માધ્યમથી જીવિત વ્યક્તિ પોતાના પૂર્વજો પ્રત્યે પોતાનું સન્માન અને આભાર પ્રગટ કરે છે. જેનાથી તેમના આત્માને શાંતિ અને મોક્ષ મળે છે. આ ફક્ત એક કર્મકાંડ નથી પરંતુ શ્રદ્ધા અને સમર્પણનું પ્રતીક છે.

**મહાપ્રસાદનું મહત્ત્વ**

ભગવાન જગન્નાથજીને અર્પણ કરવામાં આવતો 'મહાપ્રસાદ' પોતાની રીતે ખૂબ પવિત્ર છે. પિતૃ પક્ષ કે શ્રાદ્ધના દિવસોમાં આ મહાપ્રસાદને પિતૃઓનાં નામથી 'સમર્પિત' કરવાથી તેમને જન્મ-મરણના બંધનમાંથી મુક્તિ મળે છે.

જગન્નાથ પુરીમાં સુવર્ણ તટ પર પિતૃઓ માટે તર્પણ (જલદાન) અને પિંડ દાન કરવું અત્યંત શુભ માનવામાં આવે છે. અહીં પિંડોને સમુદ્રની લહેરોમાં વિસર્જિત કરવામાં આવે છે, જે તમારા પિતૃઓ અનંત સાગરમાં વિલીન થઈને મોક્ષની તરફ વધી રહ્યા છે - તે વાતનું આ પ્રતીક છે.

---

## હું છેલ્લાં કેટલાંય વર્ષોથી મેરેજ માટે પ્રયત્ન કરું છું પણ સફળતા મળતી નથી...
# તો તેનું જ્યોતિષીય કારણ શું?

**સમસ્યા અને સમાધાન**
**વાય.જે.ટી.**

**સમસ્યાઃ હું જ્ઞાનદેવ અશ્વિનભાઈ તમાકુવાલા, ભરૂચનો રહેવાસી છું. જય સ્વામિનારાયણ. સૌ પ્રથમ તો 'ગુજરાતમિત્ર' ના ગોચર-અગોચર પૂર્તિમાં લખાતા લેખો બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. છેલ્લાં 10 વર્ષથી અમારા ઘરે દર મંગળવારે 'ગુજરાતમિત્ર'ની પૂર્તિ નિયમિત આવે છે. ખાસ કરીને ગોચર-અગોચર વિભાગ વાંચવા માટે જ અમે તે મંગાવીએ છીએ. આપના લેખ સરળ ભાષામાં, તર્કસંગત અને જીવનોપયોગી આપતા હોવાથી અમોને ખૂબ જ ગમે છે.**

આજે મારા જીવનની એક મહત્ત્વપૂર્ણ સમસ્યા લઈને તમોને આ પત્ર લખ્યો છે. આ સાથે મેં જન્મની વિગતો મોકલી છે. છેલ્લાં 5 વર્ષથી હું લગ્ન માટે સતત પ્રયત્નશીલ છું. અનેક મેરેજ બ્યૂરોમાં પણ નોંધણી કરાવી છે તેમ જ અનેક જગ્યાએ બાયોડેટા મોકલ્યો છે. પરંતુ દરેક વખતે બાયોડેટા માંગવામાં આવે છે. ત્યાર બાદ કોઈ પ્રતિસાદ મળતો નથી. યોગ્ય સંબંધ જ આગળ વધતો નથી. હવે પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે, મનમાં ઘણી નિરાશા આવી ગઈ છે અને લગ્નની આશા પણ ધીમે ધીમે ઓછી થતી જાય છે.

કેટલાક જાણકારોનું કહેવું છે કે, હાલ મારા પર શનિની પનોતી (સાડાસાતી) ચાલી રહી છે તેથી મારા મનમાં પ્રશ્ન થાય છે કે, શું આ કારણોસર લગ્નમાં આટલો બધો વિલંબ થઈ રહ્યો છે કે પછી અન્ય કોઈ જ્યોતિષીય કારણો જવાબદાર હોઈ શકે? આપને નમ્ર વિનંતી છે કે, કૃપા કરીને મારા જન્મની વિગતોના આધારે માર્ગદર્શન આપશો. જો મારી કુંડળીમાં લગ્ન યોગ અંગે કોઈ ખાસ બાબત હોય અથવા કોઈ સરળ, શાસ્ત્રોક્ત અને શ્રદ્ધાપૂર્વક કરી શકાય એવો ઉપાય હોય તો કૃપા કરીને જણાવશો. આપનું માર્ગદર્શન મારા માટે ખૂબ જ આશ્વાસનરૂપ બનશે. મારી જન્મતારીખ 27 ઓગસ્ટ 1991 છે.

**સમાધાનઃ** ભાઈશ્રી જ્ઞાનદેવ, આપશ્રીની લગ્ન માટેની સમસ્યા છે. આપશ્રીની જન્મ કુંડળીમાં વર્તમાનમાં ગુરુ ગ્રહનું ગોચર કર્ક રાશિમાં ચાલે છે. ગુરુની પાંચમી દ્રષ્ટિ સાતમા લગ્નજીવન સ્થાન ઉપર પડે છે તેથી તા. ૨ જૂનથી તા. ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી શુભ લગ્ન યોગ ચાલે છે. લગ્ન બાદ જ તમારો ખરો ભાગ્યોદય થશે, તમારી કુંડળીમાં કેટલાક અશુભ યોગો, પાપ દોષો છે. જેના કારણે તમોને લગ્ન-સંબંધ થવામાં વિલંબ થાય છે. ઘણી વખત મોઢા સુધી આવેલો કોળિયો પાછો જાય. અશુભ યોગોમાં ખાસ કરીનેઃ રાહુની પૂર્ણ દ્રષ્ટિ સૂર્ય ઉપર છે તેથી રાહુ-સૂર્યનો ગ્રહણયોગ, ઉગ્ર પિતૃદોષ બને છે. જ્યારે મંગળ અને શનિની દ્રષ્ટિ ચંદ્ર ઉપર છે તેથી શનિ-ચંદ્રનો વિષયોગ બને છે. રાહુ ગ્રહની પૂર્ણ દ્રષ્ટિ ગુરુ પર પડે છે તેથી ગુરુ-રાહુનો ચાંડાલ દોષ બને છે. મંગળ, ગુરુની પણ પૂર્ણ દ્રષ્ટિ રાહુ ઉપર છે, તેથી રાહુ-મંગળનો બંધન યોગ તેમ જ રાહુ-ગુરુનો ચાંડાલ દોષ થાય છે. આ તમારી લગ્ન કુંડળી મુજબ છે. સાથે સાથે કુંડળી અનુસાર નવમા ભાગ્ય સ્થાનમાં શનિ-રાહુ બંને ભેગા થઈ જાય છે તેથી 'શ્રાપિત દોષ' બને છે. તમે ગમે એટલા પ્રયત્નો કરો તોપણ તમને જલ્દીથી સફળતા ના મળે. અને લગ્ન સિવાયની પણ જે પણ મનોકામના કરો તે સમયે પૂરી ના થાય. તમારા પ્રેમ કે પસંદગીનાં લગ્ન થવાની શક્યતા છે.

બીજી તરફ હાલ તમે ૧૧-૧-૨૦૨૧થી ૨૦૨૮ સુધી કેતુની મહાદશામાંથી પસાર થાવ છો. કેતુ પાપ ગ્રહ છે. આ સમય ગાળો સારો નથી. આથી તમે તમારા શબ્દો પર અંકુશ રાખજો. કેતુ માટે ગણપતિનાં દર્શન, ગણપતિ પાઠ વગેરે રાહતરૂપ રહે.

**ઉપાયઃ** પ્રથમ તમે કોઈ જાણકાર પાસે પિતૃદોષની વિધિ ચાણોદ ખાતે કરાવો. ઘરે શિવ-પૂજા કરાવવી-

બીજો ઉપાય લગ્ન થવા માટે તમારી કુંડળી મુજબ લગ્ન થવા માટેના મંત્રોથી સિદ્ધ કરેલો નેપાળનો અસલ 'ગૌરી-શંકર રુદ્રાક્ષ' ધારણ કરવાની તાત્કાલિક જરૂર છે. જેનાથી લગ્ન થવામાં સફળતા મળશે.

જીવનમાં તમે કુંડળી મુજબ કોઈ પણ ઉપાય, વિધિ, વિધાન, નંગ ગમે એટલું કર્યું હોય તોપણ હાલ તમને કોઈ પરિણામ ક્યાંય મળતું નથી તેથી હંમેશાં જાણકાર પાસે જ સલાહ લઈને ઉપાય કરવા જોઈએ. નહીંતર તમારા વારેઘડીએ રૂપિયા પડી જાય. તમારે અશુભ દોષો હોવાથી લગ્ન માટેના કોઈ મંત્રો કરશો તોપણ કોઈ ફાયદો નહીં થાય કારણ કે શાપિત દોષ છે. શાપિત દોષની પૂજા કરાવીને નિવારણ કરાવી લેવું.

તમારા સ્વભાવમાં ચંચળતા આપશે. છતાં તમારી ગણના બુદ્ધિજીવીઓની શ્રેણીમાં થશે. તમને પરદેશ કે વિદેશ જવું ગમતું હશે. તમે મોંઘીદાટ ગાડીઓનું સુખ ભોગવશો. તમારી પાસે સારા એવા પ્રમાણમાં ધન સંપત્તિ હશે. તમે સમાજમાં માન-પ્રતિષ્ઠા પ્રાપ્ત કરશો. રાજકાજ એટલે કે સરકારી બાબતોમાં તમને સારી એવી જાણકારી રહેશે. તમે ધનવાન તથા ઈમાનદાર વ્યક્તિ છો. તમે દીર્ઘાયુ વ્યક્તિ છો. તમે ગુણવાન તથા સંતાનો તરફથી સુખ મળશે. તમે નોકર-ચાકરવાળા રહેશો. તમારાં સંતાનોમાં કન્યાઓની સંખ્યા પુત્રો કરતાં વધારે હશે. ક્યારેક ક્યારેક તમારાં કામનો પથારો વધુ ફેલાવવાને કારણે તમને તેને પહોંચી વળવામાં મુશ્કેલી પડશે.